# આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર પોલીટેકનીક એથલેટીક મીટ -૨૦૨૩માં શેઠ ડી. એમ. પોલિટેકનીક ઇન હોર્ટીકલ્ચર, આ.કૃ.યુ., વડોદરા વિજેતા બની

તા. ૨-૩ માર્ચ, ૨૦૨૩ કુલ બે દિવસ દરમ્યાન આણંદ કૃષિ યીનિવર્સિટીનો આંતર પોલિટેકનીક એથલેટીક મીટનો કાર્યક્રમ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, નડિયાદ ખાતે યોજાઇ ગયો. જેમાં ઉદ્ઘાટન કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાનાં અધ્યક્ષપણા હેઠળ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કુલ ૦૫ પોલિટેકનીક કોલેજોનાં કુલ ૭૯ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ વિવિધ એથલેટીક્સ જેવી કે, ૧૦૦ મીટર દોડ,૨૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, લાંબો કૂદકો, ગોળા ફેંક, ચક્ર ફેંક, રીલે દોડ વગેરે માં ઉત્સાહભેર ભાગ લીધેલ.

સદર એથલેટીક મીટ ૨૦૨૩ માટે અત્રેની કોલેજના વિદ્યાર્થીઓની ટીમની પસંદગી એસ.આર.સી. ચેરમેન ડો. આર.જે.મકવાણાએ કરીને સતત માર્ગદર્શન તથા તાલીમ આપેલ. આચાર્ય શેઠ ડી. એમ. પોલિટેકનીક ઇન હોર્ટીકલ્ચર, આ.કૃ.યુ., વડોદરા શ્રી ડો. બી. એચ. પંચાલ વિદ્યાર્થીઓ સાથે સતત સંપર્ક રાખી પોત્સાહિત કરેલ હતા. વિવિધ સ્પર્ધાઓ પૈકી ૧૦૦ મીટર દોડ(પુરુષો), ૨૦૦ મીટર દોડ(પુરુષો), ૪૦૦ મીટર દોડ(પુરુષો), ગોળફેક (મહિલાઓ), લાંબીકૂદ (પુરુષો), રીલે દોડ (પુરુષો) માં પ્રથમ, ૧૦૦ મીટર દોડ(મહિલાઓ), ચક્રફેંક (મહિલાઓ), ગોળાફેંક (પુરુષો), ચક્રફેંક (પુરુષો), રીલે દોડ (મહિલાઓ) માં દ્વિતીય તેમજ ૨૦૦ મીટર દોડ (મહિલાઓ), ૪૦૦ મીટર દોડ (મહિલાઓ), ગોળાફેંક (મહિલાઓ), લાંબીકૂદ (પુરુષો) માં તૃતીય સ્થાન મેળવી જ્વલંત જીત મેળવી સમગ્ર સ્પર્ધાનાં વિજેતા બનેલ.




આણંદ કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ.કે.બી.કથીરીયાનાં અધ્યક્ષપણા હેઠળ ઉદ્ઘાટન



રીલે દૌડ (પુરુષો) પ્રથમ અર્પીત, યશવંત, પાર્થ, કશ્યપ



૧૦૦ મીટર દૌડ (મહિલા) ગામિત દ્રષ્ટીના દ્વિતીય



રીલે દૌડ (મહિલા) દ્વિતીય ધરણી, દ્રષ્ટીના, કાજલ અને વૈશાલી



લાંબીકૂદ (પુરુષો) અર્પીત ગામિત પ્રથમ



લાંબીકૂદ (મહિલા) ભાગ લીધેલ ધરણી



૪૦૦ મી દોડ (પુરુષો) અર્પીત ગામિત પ્રથમ



વ્યક્તિગત સમગ્ર સ્પર્ધા વિજેતા અર્પીત ગામિત



૨૦૦ મી દોડ (પુરુષો) શોઢાપરમાર યશવંત દ્વિતીય



વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલ વિધ્યાર્થીઓ




મહિલા તેમજ પુરુષોની વિવિધ ૧૪ સ્પર્ધાઓ પૈકી ૬ સ્પર્ધાઓમાં પ્રથમ, ૫ સ્પર્ધાઓમાં દ્વિતીય તેમજ ૪ સ્પર્ધાઓમાં તૃતીય ઈનામ મેળવી શેઠ ડી. એમ. પોલિટેકનીક ઇન હોર્ટીકલ્ચર કોલેજ, આકૃયું, વડોદરા પોલિટેકનીક એથલીક સ્પર્ધાના સમગ્ર વિજેતા